કૃષ્ણનગર, રાંધેજા ખાતે ઉજવવામાં આવેલા શાળા પ્રવેશોત્સવ દરમ્યાન શાળામાં દાખલ થતાં વિદ્યાર્થીઓને અભ્યાસ સામગ્રી આપીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગજાનન સેવા સમિતિ દ્વારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરની ગજાનન સેવા સમિતિ દ્વારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાની ગોજીયા, લખણા, અંદરપુરા, ચારી નિશાળોમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં દરેક શાળાના વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા. ગજાનન સેવા સમિતિ તરફથી ધોરણ-૧ના બાળકોને દફતર, બિસ્કીટ તથા અન્ય બધા વિદ્યાર્થીઓને પેન્સિલ, રબ્બર, ચોપડા, દફતર, નાહવાના સાબુ, દેશી હિસાબ વગેરે વસ્તુઓનું વિતરણ કર્યું હતું.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી વિક્રાંત પાંડે સાથે સમિતિના મિલિન્દ ગુપ્તે, જબ્રુસિંહ વાઘેલા, વિલેશ મોરે, ગામીતભાઈ તથા આકાશ વ્યાસ પણ જોડાયા હતાં. તાલુકાના દરેક અધિકારીઓએ સમગ્ર દિવસ દરમિયાન હાજરી આપી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. ગજાનન સવા સમિતિએ આ સાથે ડભવા, ડુંગરપુર અને ટોકરવાની નિશાળોને આવરી લીધી હતી. બાળકોએ ગજાનન સેવા સમિતિ દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ભાગ લઈ સમિતિનો આભાર વ્યકત કર્યો હતો.

નાની દશકોશી વણકર સમાજના બાળકોને વિનામૂલ્યે ચોપડાનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૬

નાની દશકોશી અઢાર ગામ વણકર સમાજના ઉપપ્રમુખ દશરથલાલ પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સમાજના વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના આશયથી વિનામુલ્યે ચોપડા વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ચાલુ વર્ષે ૨૦૧૨માં સમાજ તરફથી વિનામુલ્યે સિનિયર કે.જી. અને ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ફૂલસ્કેપ ચોપડાઓનું વિતરણ કરવામાં આવશે. ગાંધીનગર સ્થિત નાની દશકોશી અઢારગામ વણકર સમાજના સભ્યોના બાળકો-પુત્ર-પૌત્રી વગેરેએ ૨૦મી જૂન-૨૦૧૨ સુધીમાં નિયત નમૂનાનાં ફોર્મ ભર્યા હોય તેની પહોંચ લઈને સમાજ ભવન-૧, સ્વસ્તિક બંગ્લોઝની સામે, રખિયાલ, અમદાવાદ-૨૧ ખાતે પહોંચી જઈને ચોપડા મેળવી લેવા,સમાજના સભ્યોને નિયત સમયમાં ચોપડા વિતરણના કાર્યક્રમનો લાભ લેવા ઉપપ્રમુખ ડી.એમ. પરમારે ખાસ જણાવ્યું છે.

સરકારી વિનયન કોલેજમાં ડૉ. આંબેડકર યુનિ. કોર્સમાં જોડાવા અંગે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૧ પમાં આવેલી સરકારી વિનયન કોલેજ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કેન્દ્રમાં વિવિધ કોર્ષ ચાલે છે જેમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ સત્વરે અભ્યાસકેન્દ્રનો સંપર્ક કરવા સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧ પમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અભ્યાસ કેન્દ્રમાં બી.પી.પી., સી.સી.સી., સીઆઈટી, બી.એ., એમ.એ., વગેરે વિવિધ કોર્ષની પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે. તા. ૩૦મી જૂન સુધીમાં પ્રવેશ મેળવનાર ઉમેદવારે સેન્ટરનો સંપર્ક કરી ફોર્મ ભરી દેવા અને નિયત સમય મર્યાદામાં ફોર્મ જમા કરાવી પ્રવેશ મેળવી લેવો એવું ગાંધીનગરના કો-ઓર્ડિનેટરે ખાસ જણાવ્યું છે.

મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશન દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે

ગાંધીનગર, તા.૧૬

માર્ચ ૨૦૧૨માં લેવાયેલ ધોરણ-૧૨ અને ધોરણ-૧૦ની પરીક્ષામાં ઉચ્ચ પરિણામ મેળવનારા વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશન દ્વારા આયોજિત કરવામાં આવ્યો છે. ગુડા વિસ્તારમાં સમાવેશ ગામોના મુસ્લીમ સમાજના વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ સાયન્સમાં ૬૦ટકા અને સામાન્ય પ્રવાહમાં ૬૫ અને ધોરણ-૧૦માં ૭૫ ટકા કે તેથી વધુ માર્કસ મેળવનાર તથા ઉચ્ચ અભ્યાસક્રમમાં તમામ ફેકલ્ટીના ગ્રજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએટને આ કાર્યક્રમ અંતર્ગત સન્માનવામાં આવશે. આ માટે પ્રમાણિત માર્કશીટ અને અન્ય વિગતો એમ.યુ. કાગદી (પ્લોટ નં. ૧૪૮૩/૨ સેકટર-૫બી)ને પહોંચાડવાની રહેશે.

બોર્ડ દ્વારા ધો.૧૨ની પૂરક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૨ની પૂરક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

ગત માર્ચ-૨૦૧૨માં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં એક વિષય - બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા જુલાઈમાં લેવામાં આવતી હોય છે. બોર્ડ દ્વારા આજે જુલાઈમાં લેવામાં આવનારી પૂરક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં ૧૨-૭-૨૦૧૨ના રોજ સવારે ૧૦.૩૦થી ૧.૪૫ સમય દરમ્યાન ગણિત વિષયની પરીક્ષા લેવાશે જ્યારે બપોરે ૩ થી ૬.૧૫ના સમય દરમ્યાન રસાયણ વિજ્ઞાન વિષયની પરીક્ષા લેવાશે. તા. ૧૩-૭-૨૦૧૨ના રોજ સવારે ૧૦.૩૦ થી ૧.૪૫ દરમ્યાન ભૌતિક વિજ્ઞાન અને બપોરે ૩ થી ૬.૧૫ દરમ્યાન જીવ વિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર વિષયની પરીક્ષા લેવાશે. આ ઉપરાંત ૧૪-૭-૨૦૧૨ના રોજ ૧૦.૩૦થી ૧.૪૫ વ્યવસાયલક્ષી પ્રવાહના તમામ વિષયો, સામાન્ય પ્રવાહના તમામ વિષયોની અને બપોરના ૩ થી ૬.૧૫ દરમ્યાન અંગ્રેજી વિષયની પરીક્ષા લેવાશે.

ગાંધીનગર ટાઉન હૉલમાં હેલીનું આરંગેત્રમ યોજાયું

ગાંધીનગર, તા.૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગર સંચાલિત આર.એન. લલિતકલા એકેડમીમાં ભારતનાટ્યમની તાલીમ આપવામાં આવે છે. કુ. હેલીએ શ્રીમતી આર.જી. ગર્લ્સ હાઈસ્કૂલની ધોરણ ૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની છે. ભારતનાટ્યમની સતત સાત વર્ષની સઘન તાલીમ બાદ તેના અરંગેત્રમનો કાર્યક્રમ તા. ૧૫ જૂને ગાંધીનગર ટાઉન હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો.

સમારંભના અધ્યક્ષ સ્થાને શ્રી વલ્લભભાઈ પટેલ, પ્રમુખ કડી સર્વ વિદ્યાલય ગાંધીનગર, અરવિંદભાઈ પટેલ, પ્રમુખ, કડવા પાટીદાર સમાજ સુધારક મંડળ કલોલ, જયરાજસિંહ સરવૈયા, શિવરંજનીના ઉપપ્રમુખ, કલાગુર્જરી, ગાંધીનગર કલ્ચર ફોરમના સક્રિય સભ્યો ભક્તિભાઈ પટેલ, ચેરમેન, કડવા પાટીદાર સમાજ ક્રેડિટ સોસાયટી હાજર રહ્યા હતા.

સમારંભના અધ્યક્ષ સ્થાને પધારેલ વલ્લભાઈ પટેલે કુ. હેલીને પ્રમાણપત્ર અને રૂા. ૨૫૦૦નો રોકડ પુરસ્કાર એનાયત કર્યો હતો. કુ. હેલીએ કલાગુરુ શકુંતલાબેન ઓઝા પાસેથી તાલીમ મેળવી હતી. સંસ્થાના આચાર્ય હિનાબેન ડોડીયાએ માર્ગદર્શન આપેલ હતું. સંચાલન શ્રીમતી વર્ષાબેન પારેખે કરેલ હતું. આભારવિધી ગોપાળભાઈ પટેલે કરી હતી.

બે દિવસમાં ૩,૨૦,૮૪૧ બાળકોનું નામાંકન સમાજ તરફથી ૫,૮૨,૦૭,૮૬૬નાં દાન

ગાંધીનગર, તા.૧૬

રાજ્ય સરકારે પ્રાથમિક શાળામાં સો ટકા નામાંકન અને રાજ્યની તમામ દીકરીઓ ભણે તે માટે કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા પ્રતિ વર્ષ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશ મહોત્સવ યોજવામાં આવે છે. જેમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સહિત મંત્રી મંડળના સભ્યો, ઉચ્ચ અધિકારીઓ, શિક્ષણ વિભાગના અધિકારીઓ જોડાય છે. આ વર્ષે યોજાયેલાં કન્યા કેળવણી મહોત્સવને જોરદાર પ્રતિસાદ સાંપડી રહ્યો છે અને મહોત્સવના પ્રથમ બે દિવસ દરમિયાન જ ૩.૨૦ લાખ બાળકોનું નામાંકન થયું છે અને ૫.૮૨ કરોડનો લોકફાળો શાળાઓને પ્રાપ્ત થયો છે. કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના રાજ્યવ્યાપી અભિયાન અંતર્ગત બીજા દિવસે રાજ્યમાં ૩૬,૩૦૨ કન્યાઓ અને ૮૦,૩૦૩ કુમારો સહિત કુલ ૧,૫૬,૬૦૫ બાળકોએ આનંદ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં પહેલા ધોરણમાં પ્રવેશ મેળવ્યો હતો. આમ આ મહોત્સવના બે દિવસો દરમિયાન કુલ ૩,૨૦,૮૪૧ બાળકોએ ધો.૧માં પ્રવેશ મેળવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાજ્યભરમાં ચાલી રહેલા શાળા પ્રવેશોત્સવના બીજા દિવસે રાજ્યની શાળાઓને રૂા. ૨ કરોડ, ૮૪ લાખથી વધુ કિંમતના દાન અને ઈનામો મળ્યાં હતા. આમ, મહોત્સવના પ્રથમ બે દિવસોમાં કુલ રૂ. ૫.૮૨ કરોડના મૂલ્યનો લોકફાળો શાળાઓને પ્રાપ્ત થયો છે. સર્વ શિક્ષા અભિયાન મિશન દ્વારા જણાવાયું છે કે, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની અને શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરા અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી જયસિંહ ચૌહાણના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં ઉજવાઈ રહેલા કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવને અભૂતપૂર્વ લોક સહકાર મળી રહ્યો છે. શાળા પ્રવેશોત્સવના પ્રથમ બે દિવસોમાં જ ૩.૨૦ લાખથી વધુ બાળકોએ શાળામાં પ્રવેશ મેળવ્યો છે. રાજ્ય મંત્રીમંડળના સભ્યો, વરિષ્ઠ સનદી અધિકારીઓ, પોલીસ અધિકારીઓ, આઈ.એફ.એસ. અધિકારીઓ તથા શિક્ષણ વિભાગના અને સચિવાલયના વરિષ્ઠ અધિકારીઓ આ ત્રણ દિવસ દરમિયાન દરરોજ પાંચ-પાંચ શાળાઓમાં કન્યા કેળવણી રથની આગેવાની કરીને પ્રવેશોત્સવમાં ભાગ લઈ રહ્યા છે. ઉલ્લાસભર્યા વાતાવરણમાં ગામના બાળકોને બળદગાડાં, ટગાડીઓ, ટ્રેક્ટર, ટ્રક વગેરે જેવા વાહનોમાં શાળા સુધી ધોરણ-૧માં નામાંકન માટે વાજતે-ગાજતે લવવામાં આવી રહ્યા છે. બાળકોના કપાળે તિલક કરીને, મિઠાઈ કે ચોકલેટ દ્વારા તેમનું મિઠું મોઢું કરાવીને શાળામાં ઉમળકાભેર આવકાર અપાઈ રહ્યો છે. સમગ્ર રાજ્યમાં-શાળાઓમાં ઉત્સવ જેવું વાતાવરણ છે.

કન્યા કેળવણી પ્રત્યે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવા ઓછી મહિલા સાક્ષરતા ધરાવતા ગામોમાં ધોરણ-૧માં પ્રવેશ મેળવતી કન્યાઓને વિશલલ્ટ્મી બોન્ડ યોજના અંતર્ગત પ્રથમ દિવસે ૨૫,૯૧૩ કન્યાઓને તેમજ બીજા દિવસે ૨૪,૯૪૫ કન્યાઓને મળીને બંને દિવસોમાં કુલ ૫૦,૮૫૮ કન્યાઓને કુલ રૂ. ૧૦, ૧૭, ૧૬,૦૦૦ના નર્મદા બોન્ડ અપાયા.

રવિવારની રમૂજ

પત્ની : આજ તો મારે જાણવું જ છે કે રોજ સવાર પડ્યે તમે ક્યાં જાઓ છો ?

એ પછી પતિ પાછળ દારૂના પીઠા પર પહોંચી દારૂનો એક ઘૂંટ ભરી પત્ની બોલી, 'છી... આટલું કડવું પીવા માટે રોજ તમે અહીં આવો છો ?'

પતિ : તો તને શું એમ હતું કે રોજ હું અહીં મજા કરવા આવું છું ?

●●●●●●●

બૉસ : મિ. પારેખ, તમે રોજ ઑફિસમાં એક કલાક મૉડા કેમ આવો છો ?

પારેખ : સાહેબ, હું રોજ ૧ કલાક મૉડો આવું છું એ સાચું પણ રોજ ૧ કલાક વહેલો જાઉં છું એનું કાંઈ નહીં ?

●●●●●●●

મનીયો : આ ડૉક્ટરની ચેમ્બરમાં કોણ રાડો પાડી રહ્યું છે?

કમ્પાઉન્ડર : એ તો ટપુડો બ્લડ ટેસ્ટ માટે આવ્યો છે. ડૉક્ટર સાહેબે બ્લડ લેવા માટે જરા અમથી સોય ભોંકી તેમાં તો એ ભેંકડો તાણવા માંડ્યો.

મનીયો : તો તો મારે કંઈ ટેસ્ટ નથી કરાવવો.

કમ્પાઉન્ડર : પણ મનીયા, તારે શાનો ટેસ્ટ કરાવવાનો છે?

મનીયો : યુરીન ટેસ્ટ.

●●●●●●●

આ તમારા ગુરુજી ૨૦૦ વર્ષના છે, એ વાત શું સાચી છે ?

શિષ્ય : મને ખબર નથી. હું તો છેલ્લા દોઢસો વર્ષથી જ તેમની સાથે છું.

●●●●●●●

કન્ડક્ટરે બસમાં ચઢેલાં પપ્પુને તેણે પેન્ટ પહેર્યું હોવાથી આખી ટિકીટ કાપી. ટપુડાએ ચડી પહેરી હોવાથી અર્ધી ટિકીટ કાપી. જ્યારે મનિયાને તો ટિકીટ જ ન આપી.

(કારણ કે મનિયા પાસે બસનો માસિક પાસ હતો)

●●●●●●●

કડક સ્વભાવનો આર્મીનો એક મેજર સવારમાં ફરતાં ફરતાં એક ઊંડા ખાડામાં પડ્યો. એક સિપાહીએ આ દૃશ્ય જોયું. તેમે ખાડામાં દોરડું નાખી મેજરને સહી સલામત બહાર કાઢ્યા. મેજરે ખુશ થઈ તેને જે ઈનામ જોઈતું હોય તે માગવા કહ્યું. સિપાહી બોલ્યો : સાહેબ, મેં તમને બચાવ્યા છે, તે વાત સ્ટાફમાં કોઈને કરતાં નહીં. એ જ મારું ઈનામ છે.

- એસ કે પરમાર

આગવો માણસ - આપણો માણસ

- કિશોર જીકાદરા

વનચેતનાના પ્રત્યેક વૃક્ષમાં એક રણજીતસિંહ વસે છે

તાંત્રિક ખામીને કારણે શનિવારના અંકમાં આ લેખનું અનુસંધાન પ્રકાશિત નહોતું થઈ શક્યું. જે અત્રે પ્રસ્તુત છે. તકલીફ બદલ ક્ષમાપ્રાર્થના..... સંપાદક

રણજીતસિંહે જૂદી જૂદી જગ્યાઓ જેવી કે સર્કીટ હાઉસ, મંત્રીશ્રી નિવાસ, રાજભવન, જૂના-નવા સચિવાલય, સેક્ટર-૨૮નો બાલોદ્યાન, સેક્ટરના વિવિધ બગીચાઓ કે વિવિધ નર્સરીમાં જાતે જઈ બીજ કે રોપા મેળવીને તેને વનચેતનામાં વાવ્યા છે !

રણજીતસિંહ નરદમ પ્રકૃતિનો જીવ છે. વનચેતનાના પ્રત્યેક વૃક્ષમાં એકએક રણજીતસિંહ શ્વસે છે. વનચેતના એનું ખોળિયું છે અને વૃક્ષો એના પ્રાણ ! તેના પરગજુ અને મિલનસાર સ્વભાવથી ગાંધીનગરાંસુધેરે પરિચિત છે. તેઓ વાસ્તુ, હવન, પૂજા, કથા કે અંતિમ ક્રિયા માટે ઉપયોગી કેળના પાન, દર્ભ, દૂર્વા, તોરણ માટે આંબા-આસોપાલવના પાન, તુલસીપત્ર, ચંદનનો ટુકડો, વાંસ જેવી વસ્તુઓ ઉલટભેર આપે છે. ક્યારેક પવિત્ર માસ દરમિયાન અપેક્ષિત વનસ્પતિની ભારી અગાઉથી જ બનાવી રાખેછે. ફરજ ઉપરાંત સેવાની તત્પરતા તો જુઓ ! આમ તો તેમનું મૂળ કામ રોપાઓ તૈયાર કરવાનું છે પણ તેને વિશ્વાસ છે કે તેમના હાથે પરોક્ષ રીતે પણ વૃક્ષારોપણનું ભગીરથ કામ થાય છે. (વનચેતનામાં તૈયાર થતાં રોપા ક્યાંક ને ક્યાંક વૃક્ષ તો બનેજ છે ને?) આ ઉપરાંત અંગત રીતે પણ તેઓ ગાંધીનગરમાં જ્યારે પણ મહાનુભાવો કે ધર્મગુરુઓ પધારે ત્યારે તેમના હસ્તે વૃક્ષારોપણ કરાવવા ચંદન, બીલી, પીપળા જેવા પવિત્ર વૃક્ષોના રોપાઓ લઈને પોતાની રીતે પહોંચી જાય છે. આમ તેઓ વૃક્ષારોપણની એક પણ તક ચૂકતા નથી! સને ૨૦૦૧ થી દર ૧૫ મી ઓગષ્ટે રાજભવનના પ્રાંગણમાં રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રીના વરદ્‌હસ્તે બેવૃક્ષો નિયમિત રીતે વવરાવેછે. ૧૯૭૯ થી આજ સુધી ઉજાવાયેલા તમામ વનમહોત્સવોમાં રણજીતસિંહની સક્રિય ભાગીદારી રહી છે. તેમના હસ્તે વવાયેલા કેજેના રોપણમાં એક યા બીજી રીતે પોતે નિમિત્ત હોય તેવા વૃક્ષોની સંખ્યા લગભગ પાંચ હજારથી ઉપર થવા જાય છે ! પરંપરાગતરીતે થતાં વૃક્ષારોપણને બદલે ૨૦૦૪ થી પુનિતવન, નક્ષત્રવન, રાશિવન, માંગલ્યવન જેવા વનો તૈયાર કરવામાં આવ્યા છે. સરકારના આ નવતર અભિગમથી તેઓ ખુશ છે. તેઓ માનેછે કે આવા પધ્ધતિસરના વૃક્ષારોપણથી શહેરને સારા વનો અને ફરવા જવાના રમણીય સ્થળો ઉપલબ્ધ કરાવી શકાયા છે. પોતાના ગામ પેથાપુરમાં મંદિરની પ્રાણપ્રતિષ્ઠા, નવરાત્રિ મહોત્સવ જેવા ધાર્મિક પ્રસંગોએ પોતાની અંગત હેસિયતથી તુલસીના રોપાની લહાણી કરે છે. તેમનો વૃક્ષપ્રેમ બીજી રીતે પણ જાણીતો છે. તેઓ આ શહેરમાં શેરડીના રસના કોલા શરૂ થાય ત્યારે તે સ્થળે વડનું ડાળું ચોપી આવે છે. વપરાશ થયેલું પાણી તેને સતત મળતું રહેવાને લીધે ત્યાં વડનું ડાળું ચોંટી જાય છે. આવી જ રીતે નવરાત્રિ ચોક, શોપીંગ, લારી-ગલ્લા નજીક તેઓ ફૂનેહપૂર્વક સફળ વૃક્ષારોપણ કરે છે. જોકે લુપ્ત થતી જતી વનસ્પતિઓથી તેઓ જરૂર ચિંતીત છે. તેના સંવર્ધન માટે પોતાનાથી થઈ શકે તે તમામ પ્રયત્નો કરે છે. રણજીતસિંહનો પક્ષીપ્રેમ પણ અદ્વિતીય છે ! છેલ્લા દસ વર્ષથી નવરાત્રિ પૂરી થયા બાદ ફાજલ થયેલા માટીના ગરબા વનચેતનામાં લાવે છે અને પક્ષીઘર તરીકે તેનો ઉપયોગ કરે છે. આવા ૧૦૦થી વધારે પક્ષીઘર માં જાતજાતના પક્ષીઓ જેવા કે કિંગફિશર, દરજીડો, ખેરખટ્ટો, બુલબુલ, ફૂલસુંઘણી, કાબર, લેલા, પોપટના માળા છે. વિવિધ વર્તમાનપત્રોમાં આયુર્વેદની વનૌષધિઓ, ઔષધો અને રોગો ઉપર તેના પ્રયોગોની કોલમો નિયમિત લખાતી હોય છે. રણજીતસિંહે આવાં લખાણો કાપીને એક સંગ્રહ બનાવ્યો છે. જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને તે વાંચવા આપે છે. તુલસીની કુમળી ડાળીના કટિંગથી પણ તુલસી ઉગી શકે છે (આજ સુધી આપણે માંજરથી જ તુલસી ઉગી શકે છે તેવું માનતા હતા) તેવું સંશોધન તેમના અનુભવ આધારિત છે. તેઓ ૩૦૦થી વધારે વૃક્ષોને તેમના નામ, ગુણધર્મ અને ઉપયોગથી ઓળખી બતાવે છે. સતત વનના સંપર્કમાં રહેતા હોવાથી કેટલાક પ્રાકૃતિક સંકેતો હવે તેઓ સમજતા થયા છે. કીડી-મંકોડાની ગતિવિધિથી તેઓ વરસાદના આગમનની આગાહી સચોટ રીતે કરી શકે છે. રણજીતસિંહ તેમની ફરજનિષ્ઠા અંગે તેમના વિભાગમાં અને આપણા શહેરમાં લોકપ્રિયતાને પામ્યા છે. શનિ રવિની રજાઓ, જાહેર રજાઓ કે વિશ્રાંતિના સમયમાં પણ તેઓ વનચેતનામાં આવતાં મુલાકાતીઓને હસતા મુખે સાચવી લે છે. હકારાત્મક અભિગમને લીધે તેઓ હંમેશા બિનવિવાદિત રહ્યા છે. કદાચ આનો કારણે જ તેઓ સતત એક જગ્યાએ લગભગ આખી નોકરી પૂર્ણ કરી શકશે. નિવૃત્ત થવાને હજુ બે વર્ષની વાર છે. ૨૦૧૦માં તેમને વનસંરક્ષકમાંથી વનપાલનું પ્રમોશન મળ્યું ત્યારે પણ તેમનું બઢતીનું સ્થળ વનચેતના જ રહ્યું. તે તેની ફરજ પ્રત્યેની નિષ્ઠાનું ફળ ગણાવી શકાય. ૩૧મી જુલાઈ, ૨૦૧૧ના વનમહોત્સવ પ્રસંગે પાવાગઢના ચાંપાનેરમાં મુખ્ય મંત્રશ્રીના હસ્તે તેમને વનસેવા ચંદ્રક પ્રાપ્ત થયો છે. સ્વભાવે તેઓ અત્યંત વિનમ્ર છે. ઉચ્ચ અધિકારીઓ, મંત્રીઓ, મુખ્યમંત્રીઓ, રાજ્યપાલશ્રીઓ અને કેન્દ્રીય મહાનુભાવો સાથે વૃક્ષારોપણ ચંદર્ભેતેમની અનેક દુર્લભ તસવીરો ખેંચાઈ હશે, છાપાંમાં છપાઈ હશે પરંતુ રણજીતસિંહે આમાંની એકપણ તસવીર કે છાપાનાં કટિંગ પોતાની પાસે રાખ્યાં નથી ! રણજીતસિંહ કામ ઘણું કરે છે પણ બહુ ઓછું બોલે છે, કારણ સાવ સીધું છે.

'સૂકાં પર્ણો પણ ગજવતાં, શાંત લીલાં સદા યે' !!!

કરી કોણ શકે કવિતા બાપ પર, એ એમાં સમાય નહીં

ચાર લાઈનમાં કહી શકાય, બાપ એટલો નાનો નહીં !!

શાળાના સમયથી બાપની ધાકમાં રહેતો હોય છે
માર્ક ઓછાં આવે તો, પ્રગતિ પત્રક સંતાડતો હોય છે
મમ્મીની પીઠ પાછળ સંતાઈ બાપ જોડે બોલતો હોય છે
બાપની નજર ચૂકવીને, રમવા ભાગી જતો હોય છે
સ્કૂલ પતે, સ્લેટ ફૂટે, નવી જિંદગી સામે આવે
હાઈસ્કૂલની ભૂલભૂલૈયામાં મન અતિ હરખાઈ આવે
મેળવેલાં માર્કથી છાતી ફુલાવી, ફાંકા બધે મારતો આવે
બાપ જુવે સ્વપ્નાં નવાં, આ નવાં મુખડાં જોતો આવે
શરૂ થાય કૉલેજ હવે, દિવસો ફટાફટ ઉડી જાય છે
ઍટીકેટીમાં ચક્કરમાંથી, વર્ષો આગળ વધતાં જાય છે
ગ્રૂપ મળે, યારી બને, આવારાગીરી વધતી જાય છે
મારા બાપને ઓળખે છે? ની ધમકી અપાતી જાય છે
પરીક્ષા પતે, અભ્યાસ પતે, ડિગ્રી હાથમાં આવી જાય છે
નોકરી મેળવતાં, નોકરી ટકાવતાં, સારો પગાર મળી જાય છે
આરામથી રખડતાં રાજાબાબુ, ટીફીન લઈને દોડતાં થાય છે
નોકરીનાં બજારમાં, પોતાનું નામ હવે ઉજાળતાં થાય છે
નોકરી મળે, છોકરી મળે, જીવનમાં રંગીની આવી જાય છે
એક ના બે થઈ જતાં, સુખી સંસારમાં રંગાઈ જાય છે
બંન્નેના આંગણામાં પછી, નાનું મજાનું બચ્ચુ આવી જાય છે
નવાં કોરાં બાપને હવે જૂનાં બાપનું મન કળાતું જાય છે
નવો કોરો બાપ પછી વ્હાલા બચ્ચાં જોડે રમતો થાય છે
જૂનો બાપ હવે નવા દાદાનાં નામનાં ખોળીયામાં સમાય છે
બચ્ચાં જોડે રમતાં રમતાં બંને બાપ ભૂતકાળમાં ખોવાય છે
એકને દેખાય છે પૌત્ર નાનો, બીજાને તકલીફ જણાય છે
રંગીન જામેલી વાતમાં પછી ફ્લેશ બૅક બંન્ને દેખાય છે

બાપની ભૂમિકામાંથી દીકરાને એમાં માબાપનો ભૂતકાળ દેખાય છે
દીકરાની જીદ માટે પછી એને તરફડનારો બાપ દેખાય છે
એનાં ગુસ્સાની લાલ આંખ પાછળ નર્યું વાત્સલ્ય વર્તાય છે
કડકપણાનાંએ શ્રીફળ નીચે વહાલનું મીઠું પાણી હોય છે
દીકરાની ભલાઈ માટે જૂનાં ઘસતાં બાપનું હાડપિંજર હોય છે
પોતે બસનાં ધક્કા ખાઈ દીકરાને એક્ટિવા આપતો હોય છે
દીકરાનાં મોજશોખને પહોંચવા ઑવરટાઈમમાં વિસાતો હોય છે
માથે તકલીફનો તડકો વેઠી દીકરાને છાંયો આપતો હોય છે
ધોધમાર વરસાદમાંય કુટુંબની છત્રની છત્રી બનતો હોય છે



ઘર વ્યવસ્થિત ચાલે એ માટે, પોતે બહાર ફરતો હોય છે
મમ્મીનો કકળાટ સહન કરીનેય હસતું મોં રાખતો હોય છે
બાપ કયારેય રડતો નથી, બાપ કયારેક થાકતો નથી
બાપ કયારેય કંટાળતો નથી, બાપ કયારે હારતો નથી
દીકરાની નોકરી મેળવવાં, સ્વમાનની ચિંતા કરતો નથી
કુટુંબ માટે સર્વસ્વનો ત્યાગ કરવાં બાપ પાછીપાની કરતો નથી
સંતાનોની પ્રગતિ માટે સદાય એનું મન હસતું હોય છે
અપયશ મળતો, પચાવતાં અંદરથી તો એ રડતો હોય છે
ગમે તે થાય, ગમે તેટલું થાય, હિંમત વધારતો હોય છે
માનસિક ભાંગેલા દીકરાઓને સાંત્વના આપતો હોય છે
આ આખી કથા સમજવાં ઘણું મોટું થવું પડે છે
બાપનું મન અત્યંત જટીલ, એમ થોડું સમજાય છે
આકાશથીએ વિશાળ અને સમુદ્રથી ઊંડું હોય છે
બાપ આ શબ્દની મહત્તા ઘણી બધી મોટી હોય છે
ખબરનાં પડે બાપનું મન, જાતે બાપ થયા વગર
'બાપ' માણસ હોય છે, એ ખબર ના પડે બાપ બન્યા વગર
અજબ મહામાનવ હોય છે આ, સમજાય ના લાગણી વગર
એટલે તો કવિતા લખાય માતા પર, માત્ર બાપ વગર
કરી કોણ શકે કવિતા બાપ પર, એ એમાં સમાય નહીં
ચાર લાઈનમાં કહી શકાય, બાપ એટલો નાનો નહીં
સોને મઢેલું ફૂલ છે, એની સુગંધ એમ વરતાય નહીં
બાપ નામનો ભગવાન, મરતે દમ તક સમજાય નહીં
કર્યો આજે થોડોક પ્રયત્ન, એને થોડો શોધવાનો
ફાવ્યું એટલું જ કીધું, આધાર અમારો એટલો હોવાનો
એક વાત એકદમ ખરી કે એના સિવાય ફાવે નહીં
માને વચ્ચે નાંખી બોલીએ, તોય બોલ્યા વગર રહેવાય નહીં
કહું છું હવે છેલ્લે, કાન સરવાં કરી સાંભળી લો તમે
આકાશ જેટલો ભાર ઉપાડવાં, વાદળાંનો શ્વાસ જોઈએ હવે
બાપ નામના ડુંગરને પિછાણવા, આવું કંઈક જીવજો તમે
બાપનું દર્દ સમજવા માટે બાપ થવું જ ખૂબ જરૂરી હવે

પ્રસંગસર

- સંજય થોરાત